# આખરે નગરની સ્વચ્છતા માટે તંત્ર કામે લાગ્યુ!

## ૧૭થી વધુ ટીમો બનાવી સફાઈ અભિયાન હાથ ધરાયુ : સે-૭માં સફાઈની સાથે દબાણ હટાવ અભિયાન પણ યોજાયું

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરમાં ગંદકીના મુદ્દે જાગેલા તંત્ર એ આજે સે-૭માં સફાઈ માટેનું બે દિવસીય અભિયાનનો આરંભ કર્યો છે. ઉપરાંત સે-૨૧, સે-૨૮ અને સે-૨૧ની વોર્ડ કચેરીઓ દ્વારા સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર શહેરની ગંદકીનો મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યા બાદ આજે તંત્ર એ ૧૭ જેટલી જુદી જુદી ટીમો સફાઈ કામદારોની બનાવી સફાઈ અભિયાન હાથ ધર્યું છે. જો કે આ નગરને સંપૂર્ણ સાફ કરતાં એક પખવાડિયાથી પણ વધુ સમય લાગશે તેમ મનાઈ રહ્યું છે.

સે-૭માં આજે સફાઈ અભિયાનની સાથે દબાણ હટાવ કાર્યક્રમ પણ અમલી બનાવતાં લોકોએ થોડીક રાહત અનુભવી હતી. જો કે સે-૭માં બીજા દિવસે પણ અભિયાન ચાલુ રહેશે તેવી જાહેરાત સત્તાવાળાઓએ કરી છે.

આજે કરાયેલ સફાઈ અભિયાનમાં સે-૭માંથી જ ૭ ટ્રેકટર ભરીને કચરાની સફાઈ કરવામાં આવી હતી. જો કે એક તરફ લેન્ડફિલ્ડ સાઈટનો પ્રશ્ન પણ કોર્પોરેશન સત્તાવાળાઓને સતાવી રહ્યો છે. જો કે હાલ પુરતો જાહેર માર્ગો અને સેકટરોના આંતરિક માર્ગોની સફાઈ તેમજ સેકટરોના કન્ટેઈનરોની સફાઈને અગ્રતા આપવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આગામી એક સપ્તાહ સુધી સફાઈ અભિયાન સઘન રીતે ચલાવવામાં આવનાર છે. જો કે સેકટરોની આંતરિક સફાઈ માટેનું વિશેષ અભિયાન પણ તૈયાર કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેકટરોની સફાઈ અભિયાનના પાયલોટ પ્રોજેકટમાં તા. ૨૧-૧૧-૨૦૧૩ના રોજ સે-૭ની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી. સે-૭, ઘ-૩ વિસ્તારમાં આવેલા ૧૯ લારી ગલ્લાઓના દબાણ મામલતદારશ્રી તથા ટ્રાફીક પોલીસની મદદથી હટાવવામાં આવ્યા ત્યારબાદ આ વિસ્તારમાં જે.સી.બી., લોડર, ટ્રેકટર ટ્રોલી અને સફાઈ કામદારોની ત્રણ ટીમ ૨૭ કામદારોની મુકીને સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી. સે-૭નો ઘ-૩ કોર્નરની સામે સે-૬ તથા સે-૧૧ અને સે-૧૨ના કોર્નર પર ઉભી રહેતી ૧૪ લારીઓને પણ દુર કરાવી સફાઈ કામગીરી હાથ ધરવામાં

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં ઠંડી યથાવત

ગાંધીનગર, તા.૧૨

ઉત્તર ભારતના જમ્મુ-કાશમીર, હિમાચલમાં બરફ વર્ષા થયા બાદ ગાંધીનગર સહિત સમગ્ર ગુજરાતમાં ધીમે ધીમે ઠંડી વધી રહી છે. પાટનગરમાં છેલ્લા બે દિવસથી ઠંડી ધીમે ધીમે વધી રહી છે. આજે લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી નોંધાતા ઠંડી યથાવત રહી હતી.

છેલ્લા કેટલાક દિવસોથી શહેરમાં ગુલાબી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. લઘુત્તમ તાપામનમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. આ વર્ષે ઠંડીની શરૂઆત વહેલી થઈ છે. લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી જેટલું નોંધાતા વસાહતીઓ હવે ગરમ વસ્ત્રોમાં જોવા મળી રહ્યા છે. હવામાન ખાતાના જણાવ્યા અનુસાર હાલમાં મુખ્યત્વે ઉત્તર અને ઉત્તર પૂર્વના પવનો ફુંકાઈ રહ્યા છે. રાત્રીના સમયે અને વહેલી સવારે પવનનું જોર પણ વધ્યું છે. જો કે વાતાવરણ સુકું છે. કયારેક કયારેક છુટા છવાયા વાદળો જોવા મળી રહ્યા છે. આગામી તા. ૧૨ થી ૧૭ દરમિયાન વાતાવરણ સુકું રહેશે. તા. ૧૫ થી ૧૭ દરમિયાન ઉત્તર પૂર્વ અને પૂર્વ તરફથી પવનો ફુંકાશે ત્યારે ઠંડીનું પ્રમાણ ઘટી જશે અને પારો નોર્મલ રહેશે તે પછીના દિવસોમાં પુનઃ ઠંડી વધવા લાગશે.

# કેપીટલ સ્ટેશન પર પોલીસ ચોકી માટે જગ્યા ફાળવવા દરખાસ્ત

## અમદાવાદ રેલવે ડિવીઝનના પોલીસ વડાએ વિભાગને દરખાસ્ત કરી

ગાંધીનગર, તા.૧૨

કેપીટલ સ્ટેશન પર પોલીસ ચોકી શરૂ કરવા અમદાવાદ રેલવે ડિવીઝનના પોલીસ વડાએ ડિવીઝનલ રેલવે મેનેજરને જગ્યા ફાળવવા દરખાસ્ત કરી છે. કેપીટલ સ્ટેશન પર પોલીસ પહેરો સઘન બનાવી દેવાયો છે પરંતુ પ્લેટફોર્મ નજીક ચોકી શરૂ કરવાનો મામલો હજુ જગ્યાના અભાવે ગુંચવણમાં છે.

કરોડોના ખર્ચે વિકસાવાયેલા ગાંધીનગર રેલવે સ્ટેશન પર રોજ ચાર જેટલી મહત્વની ટ્રેઈનોની અવર જવર રહે છે. કેપીટલ સ્ટેશન ધમધમતું થતા આ વિસ્તારમાં મુસાફરોની અવર જવર વધતા જરુરી પાયાની સુવિધાઓ ઉભી કરવાની માંગ પ્રબળ બની છે. એક તરફ સ્ટેશન પર કોચ ઈન્ડીકેટર, પબ્લીક એનાઉન્સમેન્ટ સિસ્ટમ સહીત યાત્રિકો લક્ષી સુવિધાઓ ઉપલબ્ધ કરવાની કામગીરી પણ વિલંબમાં પડી છે. બીજી તરફ શહેરના એક એક ખૂણામાં સ્થિત કેપીટલ સ્ટેશન પર આમ નાગરિકોની સલામતીનો પ્રશ્ન પણ મુખ્ય બન્યો છે.

આવા સંજોગોમાં સ્ટેશન પરના યાત્રાળુઓને સલામતી પુરી પાડવા તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે થોડા સમય અગાઉ જ ૮ કોન્સ્ટેબલ તેમજ એક એ.એસ.આઈ.ને ફરજ સોંપવામાં આવી છે. જયારે સ્ટેશન વિસ્તારમાં પ્લેટફોર્મ નજીક પોલીસ ચોકી શરુ કરવા પણ પ્રયાસો શરુ કરી દેવાયા છે. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બુચે આ અંગે જણાવ્યું છે કે કેપીટલ સ્ટેશનમાં પોલીસ ચોકી કાર્યરત કરવા અમદાવાદ રેલવે ડિવીઝનના પોલીસ વડાએ ડિવીઝનલ રેલવે મેનેજરને જગ્યા ફાળવવા દરખાસ્ત કરી દીધી છે. જેના પરીણામે ટૂંકમાં પોલીસ ચોકી શરુ થાય તેવી સંભાવના છે.

# શંભુજી ઠાકોરે ૩૨ લાખના વિકાસ કામો સૂચવ્યા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે તેમને મળતી વિસ્તાર વિકાસ માટેની ગ્રાન્ટમાંથી રૂ. ૩૨ લાખના વિકાસ કામો સૂચવી દીધા છે.

ધારાસભ્યશ્રીને તેમના વિસ્તારમાં વિકાસના કામો માટે રૂ. ૫૦ લાખ દર વર્ષે ફાળવવામાં આવતા હોય છે. દક્ષિણની બેઠક પરથી વિજયી થયેલા શ્રી શંભુજી ઠાકોરે રૂ. ૩૨ લાખના કામો સૂચવી દીધા છે.


શ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર (દ)ની બેઠકમાં જે કામો સૂચવ્યા છે તેમાં ૧૪ જેટલા માર્ગોના કામો છે. તો ચાંદખેડા પ્રા. શાળામાં પાણીની ટાંકી, ચંદ્રાલા હાઈસ્કૂલમાં પણ ઓવરહેડ ટાંકી માટેના કામોનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત મેદરા ગામે પંચવટી ફરત કંપાઉન્ડ વૉલ કરવા, ઈસનપુરમાં દવાખાનાથી પંચાયત ઘર સુધીના રસ્તા માટે પણ રકમ ફાળવી છે.

**લગ્ન વિષયક**

રાહુલ રાજવાન - દેનાબેંક અધિકારી, પગાર રૂ. ૪૦,૦૦૦/-, ઉંમર - ૩૫, વજન-૬૦ના સ્માર્ટ યુવક માટે યુવતી જોઈએ છે. (જ્ઞાતિ બાધ નથી)

મો. : ૯૮૦૧૫ ૬૬૫૭૬













**જોઈએ છે**
(ઓફિસ બોય-કમ-ડ્રાઈવર)

ગાંધીનગર, સે.૧૧, શાલીન કોમ્પલેક્ષ, સ્થિત ઓફિસ માટે ઓફિસ બોય - કમ - ડ્રાઈવર ઉમેદવારો કે જેઓ ધો.૧૦ પાસ તથા ડ્રાઈવીંગ લાયસન્સ / બેઝ ધરાવતા હોય, તેઓ સંપર્ક કરો

મો. : ૮૧૪૦૫૦૦૬૦૦

**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

**ચાલો પાલનપુર** **ચાલો પાલનપુર**



શ્રી મનમોહનસિંહ, વડાપ્રધાનશ્રી | શ્રીમતી સોનીયા ગાંધી, અધ્યક્ષા, AICC | શ્રી રાહુલ ગાંધી, ઉપાધ્યક્ષ, AICC | શ્રી ભરતસિંહજી સોલંકી, કેન્દ્રીય મંત્રી, ભારત સરકાર

બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ આયોજીત સ્નેહમિલન સમારોહમાં ભારત સરકારના કેન્દ્રીય મંત્રીશ્રી ભરતસિંહજી સોલંકી, સંસદસભ્યશ્રી જગદીશભાઈ ઠાકોર, ગુ.પ્ર. મહિલા કોંગ્રેસના ઉપાધ્યક્ષશ્રી ક્રિષ્નાબેન મુકેશદાન ગઢવી, ગુ.પ્ર. કોં. લઘુમતી વિભાગના ચેરમેનશ્રી વજીરખાન પઠાણ, શ્રી સાગરભાઈ રાયકા, એ.આઈ.સી.સી.ના સભ્યશ્રી ગેનીબેન ઠાકોર, જી.પી.સી.સી. મંત્રી રાયમલજી સોલંકી અને લક્ષ્મીબેન કરેણ, બનાસકાંઠા જિલ્લાના કોંગ્રેસના ધારાસભ્યશ્રીઓ મહેશભાઈ પટેલ (પાલનપુર), ધારસીભાઈ ખાનપુરા (કાંકરેજ), મણીભાઈ વાઘેલા (વડગામ), કાન્તિભાઈ ખરાડી (દાંતા) અને જોઈતાભાઈ પટેલ (ધાનેરા), પૂર્વ ધારાસભ્યશ્રીઓ દોલતભાઈ પરમાર, ગુમાનસિંહ વાઘેલા, હેમાભાઈ રાજપૂત, ગોવાભાઈ રબારી, માવજીભાઈ પટેલ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના હોદ્દેદારશ્રીઓ, બનાસકાંઠા જિલ્લા યુવક કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, સેવાદળ, એન.એસ.યુ.આઈ. અને તમામ સેલ, જિલ્લા - તાલુકા - શહેર કોંગ્રેસના હોદ્દેદારશ્રીઓ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાઓના કોંગ્રેસના પ્રમુખશ્રીઓ અને સદસ્યશ્રીઓની ઉપસ્થિતિમાં રાખવામાં આવેલ છે. આ સ્નેહમિલન કાર્યક્રમમાં બનાસકાંઠા જિલ્લાના તમામ કાર્યકર ભાઈ-બહેનોને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા ભાવભર્યુ આમંત્રણ છે.

તા. ૧૩/૧૧/૨૦૧૩, બુધવાર, સમયસવારે ૧૦-૦૦ કલાકે, સ્થળ : શબરી હોટલ, અમદાવાદ હાઈવે, પાલનપુર

—: નિમંત્રક :—
ઝાકીરભાઈ ચૌહાણ
પ્રમુખ, બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ

**ધી બનાસકાંઠા મર્કેન્ટાઈલ કો.-ઓપ બેંક લી, પાલનપુર**

માનવંતા સભાસદો, થાપણદારો, ગ્રાહકો તથા શુભેચ્છકોને

**નૂતન વર્ષાભિનંદન**

આજના આદિત્યનું પ્રથમ સોનેરી કિરણ આપના જીવનમાં સુખ, સમૃદ્ધિ, સંપત્તિમાં વધારો કરે, વિપદાનો દ્રઢતાથી સામનો કરાવી વિજય બક્ષે.

ખૂબ જ થોડા સમયમાં કોર બેંકીંગ સેવા તથા ATM સેવા આપવા પ્રતિબદ્ધતા

બેંક માટે ગ્રાહક જ સર્વસ્વ છે.

કાનમલભાઈ આર. અગ્રવાલ, મેનેજીંગ ડીરેક્ટર | ભુપેન્દ્ર જી. ત્રિવેદી, સી.ઈ.ઓ. | પુષ્કરભાઈ એન. પટેલ, ચેરમેન




SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ




Govt. of India Regd. No. 38383/82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com